## રી-ઈ-ટેન્ડર જાહેર નિવિદા
વર્ષ -૨૦૨૦-૨૧
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન,બી બ્લોક, પ્રથમ માળ, સેકટર-૧૧, ગાંધીનગર
રી-ઈ-ટેન્ડર ડોકયુમેન્ટ નં-૬૧-૨૦૨૦-૨૧

ગાંધીનગર મહાનગરપાલીકા વિસ્તારમાં નીચે દર્શાવ્યા મુજબના કામ માટે તા.૧૫-૦૫-૨૦૨૦થી તા.૧૪-૦૫-૨૦૨૧ના સમય વાર્ષિક કરારના ધોરણે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ રી-ઈ-ટેન્ડરમાં ભાવો મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| કામની વિગત | મુક્તિધામ સેક્ટર-૩૦ ખાતે મૃતદેહોને અગ્નિસંસ્કાર કરવા માટે જલાઉ લાકડા પુરા પાડવાનું કામ. |
| અંદાજીત રકમ લાખમાં | રૂ.૧૩,૦૦,૦૦૦/- ( તેર લાખ ) અંદાજીત |
| ટેન્ડર ફી રકમ રૂ. | રૂ.૧૦૦૦/- |
| ઈ.એમ.ડીની રકમ રૂ. | રૂ.૩૯,૦૦૦/- |
| સિક્યોરીટી ડીપોઝીટ | ટેન્ડરની રકમના ૫% |
| ઈ-ટેન્ડર ડાઉનલોડ કરી ફકત ઓનલાઇન સબમીટની કરવાની છેલ્લી તારીખ | તા.૧૬-૦૪-૨૦૨૦ સમય -૧૦-૩૦ કલાકથી<br>તા.૩૦-૦૪-૨૦૨૦ સમય -૧૮-૦૦ કલાક સુધી |
| પ્રિ.બીડ મીટીંગ | ટેન્ડર અંગે વાંધા સૂચનો હોય તો તા.૨૪-૦૪-૨૦૨૦ સુધીમાં Email: gmc8gandhinagar@gmail.com ઉપર મોકલી આપવાના રહેશે. |
| ડોકયુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ | ટેન્ડર ફી ઇએમડી ફીની રકમના ડી.ડી તથા જરૂરી ડોકયુમેન્ટ ફકત ઓનલાઈન ઈલેક્ટ્રીક ફોરમેટમાં સ્કેન કરી તા.૩૦-૦૪-૨૦૨૦ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન સબમીટ કરવાના રહેશે. લોક ડાઉન પૂર્ણ થયે ટેન્ડર ફી અને ઇએમડીની રકમના જે ડીમાન્ડ ડ્રાફ્ટ સ્કેન કરી મોકલેલ હશે તે અસલમાં મુક્તિધામ શાખામાં જમા કરાવવાનો રહેશે તેમ કરવામાં કસુર થયે બ્લેક્લીસ્ટ સુધીના પગલા લેવામાં આવશે. |
| ઓનલાઈન ટેકનીકલ બીડ ખોલવાની તારીખ | તા.૦૧-૦૫-૨૦૨૦ સમય -૧૧-૦૦ કલાક |
| ઓનલાઈન પ્રાઈઝબીડ ખોલવાની સંભવિત તારીખ | તા.૦૧-૦૫-૨૦૨૦ સમય -૧૩-૦૦ કલાક |
| બીડ વેલીડીટી | બે વર્ષ |
| ટેન્ડર ડોક્યુમેન્ટની વિગત આ વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી ભરી શકાશે | www.nprocure.com ઉપરાંત ગાંધીનગર મહાનગર પાલિકા વેબસાઈટ www.gmc-egove.org.in ઉપરથી જોઈ શકશે. |

સ્થળ :- ગાંધીનગર
તા.૧૫.૦૪.૨૦૨૦

સહી -/
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા

# ગાંધીનગર મહાનગરપાલિકા સેવાસદન

## રી-ઈ-ટેન્ડર ડોકયુમેન્ટ નં. :-૬૧-૨૦૨૦-૨૧

**મુક્તિધામ સેક્ટર-૩૦ ખાતે મૃતદેહોને અગ્નિસંસ્કાર કરવા માટે જલાઉ લાકડા સપ્લાય કરવાના કામનો વાર્ષિક રેઈટ કોન્ટ્રક્ટ આપવાનું કામ.**

| | |
|---|---|
| કામની વિગત | મુક્તિધામ સેક્ટર-૩૦ ખાતે મૃતદેહોને અગ્નિસંસ્કાર કરવા માટે જલાઉ લાકડા પુરા પાડવાનું કામ. |
| અંદાજીત રકમ લાખમાં | રૂ.૧૩,૦૦,૦૦૦/- ( તેર લાખ ) અંદાજીત |
| ટેન્ડર ફી રકમ રૂ. | રૂ.૧૦૦૦/- |
| ઈ.એમ.ડીની રકમ રૂ. | રૂ.૩૯,૦૦૦/- |
| સિક્યોરીટી ડીપોઝીટ | ટેન્ડરની રકમના ૫% |
| ઈ-ટેન્ડર ડાઉનલોડ કરી ઓનલાઈન સબમીટની કરવાની છેલ્લી તારીખ | તા.૧૬-૦૪-૨૦૨૦ સમય -૧૦-૩૦ કલાકથી<br>તા.૩૦-૦૪-૨૦૨૦ સમય -૧૮-૦૦ કલાક સુધી |
| પ્રિ.બીડ મીટીંગ | ટેન્ડર અંગે વાંધા સૂચનો હોય તો તા.૨૪-૦૪-૨૦૨૦ સુધીમાં Email: gmc8gandhinagar@gmail.com ઉપર મોકલી આપવાના રહેશે. |
| ડોકયુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ | ટેન્ડર ફી ઇએમડી ફીની રકમના ડી.ડી તથા જરૂરી ડોકયુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રીક ફોરમેટમાં સ્કેન કરી ફકત તા.૩૦-૦૪-૨૦૨૦ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન સબમીટ કરવાના રહેશે. લોક ડાઉન પૂર્ણ થયે ટેન્ડર ફી અને ઇએમડીની રકમના જે ડીમાન્ડ ડ્રાફ્ટ સ્કેન કરી મોકલેલ હશે તે અસલમાં મુક્તિધામ શાખામાં જમા કરાવવાનો રહેશે તેમ કરવામાં કસુર થયે બ્લેકલીસ્ટ સુધીના પગલા લેવામાં આવશે. |
| ઓનલાઈન ટેકનીકલ બીડ ખોલવાની તારીખ | તા.૦૧-૦૫-૨૦૨૦ સમય -૧૧-૦૦ કલાક |
| ઓનલાઈન પ્રાઈઝબીડ ખોલવાની સંભવિત તારીખ | તા.૦૧-૦૫-૨૦૨૦ સમય -૧૩-૦૦ કલાક |
| બીડ વેલીડીટી | બે વર્ષ |

# મુક્તિધામ સેક્ટર-૩૦ ખાતે મૃતદેહોને અગ્નિ સંસ્કાર કરવા માટે જલાઉ લાકડા સપ્લાય કરવાના કામ અંગેની શરતો સામાન્ય શરતો.

1. બીડરે ટેન્ડર ફી પેટે રૂ. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા)નો નેશનલાઈઝડ/શેડયુલ્ડ બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ "ગાંધીનગર મહાનગરપાલિકા" **(Gandhinagar Municipal Corporation) Payable at Gandhinagar** ના નામનો ટેન્ડર ડોક્યુમેન્ટ સાથે સ્કેન કરી મોકલવાનો રહેશે. લોક ડાઉન પૂર્ણ થયે ટેન્ડર ફી પેટે જે ડીમાન્ડ ડ્રાફ્ટ સ્કેન કરી મોકલેલ હશે તે અસલમાં મુક્તિધામ શાખામાં જમા કરાવવાનો રહેશે તેમ કરવામાં કસુર થયે બ્લેક્લીસ્ટ સુધીના પગલા લેવામાં આવશે.
2. બીડરે ઈ.એમ.ડીની પેટે રૂ. ૩૯,૦૦૦/- (અંકે રૂપિયા ઓગણ ચાલીસ હજાર પુરા) નો નેશનલાઈઝડ/શેડયુલ્ડ બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ "ગાંધીનગર મહાનગરપાલિકા" **(Gandhinagar Municipal Corporation) Payable at Gandhinagar** ના નામનો ટેન્ડર ડોક્યુમેન્ટ સાથે સ્કેન કરી મોકલવાનો રહેશે. લોક ડાઉન પૂર્ણ થયે ઈ.એમ.ડી પેટે જે ડીમાન્ડ ડ્રાફ્ટ સ્કેન કરી મોકલેલ હશે તે અસલમાં મુક્તિધામ શાખામાં જમા કરાવવાનો રહેશે તેમ કરવામાં કસુર થયે બ્લેક્લીસ્ટ સુધીના પગલા લેવામાં આવશે.
3. બીડરનું ટેન્ડર મંજુર થશે, તેમના ઈ.એમ.ડીની ડીપોઝીટ નાણા અનામત પેટે રાખી બાકી બીડરના ટેન્ડર સાથે ભરેલ ઈ.એમ.ડીની ડીપોઝીટની માંગણી કર્યા બાદ પરત કરવા કાર્યવાહી કરવામાં આવશે.
4. ટેન્ડર પૂર્ણ થયેથી કામગીરીનું મૂલ્યાંકન કરીને કરાર એક વર્ષ સુધી લંબાવવાની સત્તા મ્યુનિસિપલ કમિશનરની રહેશે.
5. ભાગીદારીમાં ભરવામાં આવેલ ટેન્ડર માન્ય રહેશે નહિ.
6. સગીરવયની વ્યકિતનું ટેન્ડર સ્વિકારવામાં આવશે નહિ. શંકાસ્પદ કિસ્સામાં વ્યકિતનું ઉમરનું પ્રમાણપત્ર માંગવામાં આવશે. જે રજુ કરવાનું રહેશે.
7. વર્ક ઓડર આપ્યાના ૦૭ (સાત દિવસ)માં લાકડા પુરા પડવાના રહેશે.
8. ભાવ મંજુર કરવા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ગાંધીનગર મહાનગરપાલિકાને મોકલવામાં આવશે. તેમનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.
9. પ્રાઈઝબીડ ખોલ્યા બાદ ટેન્ડર ૧૨૦ દિવસ સુધી માન્ય રહેશે.
10. ભાવ મંજુર થયે બીડરે ૫ % સિક્યોરીટી ડીપોઝીટ ભરવાની રહેશે. સિક્યોરીટી ડીપોઝીટની રકમ રોકડા/ચેક/ડી.ડી./એફ.ડી.આર. થી ગાંધીનગર મહાનગરપાલિકાની હિસાબી શાખામાં રકમ ભર્યા બદલની અસલ પહોંચ રજુ કરી સિક્યોરિટી ડીપોઝીટના ૪.૯૦ %ના સ્ટેમ્પ પેપર પર કરારનામું કરવાનું રહેશે. બિડરે ગાંધીનગર મહાનગરપાલિકાની ફેવરમાં સિક્યોરીટી ડીપોઝીટની રકમ ભરી કરારનામું દિન-૭ માં કરી આપવાનું રહેશે. બે વર્ષ દરમ્યાન પુરા પાડવાના જથ્થાની કિમતના ૫ % લેખે સિક્યોરિટી ડીપોઝીટ સંતોષકારક કામ પૂર્ણ કર્યાના સક્ષમ અધિકારીના પ્રમાણપત્ર મળ્યા બાદ કરાર પૂર્ણ થયા બાદ ત્રણ માસ પછી પરત કરી શકાશે.
11. બિડરે દ્વારા સિક્યોરીટી ડીપોઝીટની રકમ એફ.ડી.આર.નાં સ્વરૂપમાં અપાવવામાં આવે તો ગાંધીનગર ખાતેની નેશનલાઇઝ/શેડયુલ્ડ બેંકની ગાંધીનગર મહાનગરપાલિકા તથા બીડરના સંયુકત નામની એફ.ડી.આર. કઢાવી પાછળ રેવન્યુ સ્ટેમ્પ લગાડી તેના પર કોન્ટ્રકટરશ્રીએ સહી કરી મુક્તિધામ શાખામાં નિયત સમયમાં રજુ કરવાની રહેશે. સિક્યોરીટી ડીપોઝીટની રકમ ફિક્સ ડીપોઝીટ રીસીપ્ટનાં માધ્યમથી ભરવાના કિસ્સામાં સિક્યોરીટી ડીપોઝીટના કુલ રકમના ૪.૯૦% પ્રમાણેના સ્ટેમ્પ પેપર પર કરારનામું કરવાનું રહેશે. સ્ટેમ્પ અને નોધણી વિભાગ દ્વારા સ્ટેમ્પ ડયુટીમાં ફેરફાર થશે તો તે આપો આપ બિડરને લાગુ પડશે.

12. બિડર નિયમ સમયમાં કરારનામું નિષ્ફળ જશે તો બિડરની ઈ.એમ.ડીની રકમ જપ્ત કરવામાં આવશે. તેમજ મ્યુનિસિપલ કમિશનર દ્વારા આ કોન્ટ્રાક્ટ રદ કરી એલ.-૨ નંબરની એજન્સીને આપી શકશે. આ બાબતે મ્યુનિસિપલ કમિશનરનો નિર્ણય આખરી ગણાશે.

13. બિડરનું કામ કોન્ટ્રાક્ટનાં સમયગાળા દરમિયાન સંતોષકારક જણાશે તો કોન્ટ્રાકની મુદત પૂરી થયે બીડર દ્વારા સિક્યોરીટી ડીપોઝીટ પરત કરવા માટેની માંગણી રજુ કર્યા બાદ સિક્યોરીટી ડીપોઝીટ પરત આપવાની કાર્યવાહી કરવામાં આવશે.

14. સરકારશ્રી તરફથી નિયમ કરવામાં આવેલ ઇન્કમટેક્ષ તેમજ અન્ય ટેક્ષની રકમ નિયમાનુસાર બીડરનાં બિલમાંથી કાપવામાં આવશે. બિડરે ટેન્ડરમાં સરકારશ્રીનાં તમામ ટેક્ષ સાથે ભાવ આપવાના રહેશે.

15. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી કોઈ પણ જાતનું કારણ દર્શવ્યા સીવાય ટેન્ડર રદ કરી શકશે.

16. આ કરાર અંગે કોઈ વાદવિવાદ ઉપસ્થીત થશે તો, તે ફક્ત ગાંધીનગર જ્યુરીશડીકશનમાં જ ચાલી શકશે.

17. દર માસના અંતે બીલ રજુ કર્યા બાદ ચુકવણું કરવા માટેની કાર્યવાહી કરવામાં આવશે. બિલની રકમ સીધી કોન્ટ્રાક્ટરશ્રીના ખાતામાં ECS/RTGS થી જમા કરવામાં આવશે.

18. આ કોન્ટ્રાક્ટ દરમ્યાન કોન્ટ્રાક્ટરશ્રી દ્વારા કોઈપણ પ્રકારની ગેરરીતી, આચરતા હોવાનું માલુમ પડશે અને ગાંધીનગર મહાનગરપાલિકાને કોઈ પણ પ્રકારનું આર્થિક નુકશાન થતું હોવાનું માલુમ પડશે તો આ કોન્ટ્રાક્ટ કોઈપણ જાતની નોટીસ વગર રદ કરવામાં આવશે, કોન્ટ્રાક્ટરની સીક્યુરીટી ડીપોઝીટ ફોરફીટ કરવામાં આવશે, તથા કોન્ટ્રાક્ટરને ગાંધીનગર મહાનગરપાલિકાનાં આ કામ માટે બ્લેક લીસ્ટ કરવા સુધીની કાર્યવાહી થઇ શકશે.

19. ટેન્ડર સંબધી કોઈ વાંધો હોઈ તો, બીડર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકાને લેખિતમાં અરજી કરવાની રહેશે. આ બાબતે કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બીડરને બંધનકર્તા રહેશે.

20. આ કામ સંબંધે કોઈ શરતોમાં સમાવશે થતો ન હોઈ અથવા સમયાનુસાર કે ચાલુ કામે કોઈ આવી શરતો બાબતે પ્રશ્ન ઉપસ્થીત થાય તો કમિશ્નરશ્રી, ગાં.મ.ન.પા.નો નિર્ણય અંતિમ રહેશે. તે કોન્ટ્રાક્ટરશ્રીને બંધનકર્તા રહેશે. સંજોગોવશાત ઉપસ્થીત થાય તો કમિશ્નરશ્રી, ગાં.મ.ન.પા. આ કોન્ટ્રાક્ટ રદ કરી શકશે.

21. ટેકનીકલ બીડ (ટેન્ડર ડોક્યુમેન્ટસ)માં જરૂરી લાયકાતનાં ડોક્યુમેન્ટસ, ટેન્ડર ફી અને અર્નેસ્ટમની ડીપોઝીટની ફી રજુ કરેલ હશે અને લાયકાત ધરાવતા હશે એ જ પાર્ટીઓના પ્રાઈઝ બીડ ખોલવામાં આવશે.

22. હાલમાં લોકડાઉનની પરિસ્થિતિને ધ્યાને લઈ ટેકનીકલ બીડ પોસ્ટ મારફતે મોકલવાના રહેશે નહી. ફક્ત ઓન લાઈન **ટેકનીકલ બીડ (ટેન્ડર ડોક્યુમેન્ટસ) નિયત સમય મર્યાદામાં મુકવાનું કરવાનું રહેશે.**

23. ટેન્ડર ભરનારે ટેકનીકલ બીડમાં રજુ કરેલ તમામ દસ્તાવેજોની નકલો સ્વપ્રમાણિત કરી એજન્સીનો સિક્કો લગાવી મોકલવાની રહેશે.

**નોંધ:- ઉપરોક્ત શરતોની સામે કોન્ટ્રાકટર પોતાની શરતો વિરૂધ્ધની અન્ય શરતો રજુ કરશે તો તેનું ટેન્ડર રદ થવાને પાત્ર છે.**

**સહિ/-**

**નાયબ મ્યુનિસિપલ કમિશ્નર**

**ગાંધીનગર મહાનગરપાલિકા.**

ઉપરોક્ત તમામ શરતો મે વાંચી, સમજી, વિચારીને જાણમાં લીધી છે. તે સર્વે શરતો મને બંધનકર્તા રહેશે.

ટેન્ડર ભરનારની સહિ :-

ટેન્ડર ભરનારનું નામ અને સરનામું :-

સહિ/-

નાયબ મ્યુનિસિપલ કમિશ્નર

ગાંધીનગર મહાનગરપાલિકા.

**<u>ખાસ શરતો :-</u>**

1) આ કામગીરી ગાંધીનગર મહાનગરપાલિકાનાં **મુક્તિધામ સેક્ટર-૩૦ ખાતે મૃતદેહોને અગ્નિસંસ્કાર કરવા માટે જલાઉ લાકડા સપ્લાય** કરવાની કામગીરી છે. વિગત નીચે મુજબ છે.

| ક્રમ | મુક્તિધામ સેક્ટર-૩૦ | સરનામું |
|---|---|---|
| ૧ | મુક્તિધામ સેક્ટર-૩૦ | જી.ઈ.બી.થર્મલ સ્ટેશન રોડ, ઢોર ડબ્બાની પાસે મુક્તિધામ,સેકટર-૩૦, ગાંધીનગર. |

**મુક્તિધામ સેક્ટર-૩૦** ખાતેના મેનેજરશ્રી/ અન્ય જવાબદાર અધિકારીશ્રી,કર્મચારી દ્વારા જણાવવામાં આવે તે મુજબ લાકડા સપ્લાય કરવાના રહશે. બિડરે લાકડા **મુક્તિધામ સેક્ટર-૩૦** ખાતેના મેનેજરશ્રી જણાવે તે સમય અનુસાર પહોચતો કરવાનો રહેશે. લાકડા સપ્લાય કરવામાં બિડર નિષ્ફળ જશે તો લાકડાનો જરૂરિયાત મુજબનો જથ્થો બીડરના ખર્ચ અને જોખમે બજારમાંથી ખરીદ કરી શકાશે. તે માટે થયેલ ખર્ચ તેના બીલ કે ડીપોઝીટમાંથી કાપી લેવામાં આવશે. પરંતુ ફાયદો થયે ઇજારદારે તેમાં હક્કદાર રહેશે નહી.

2) લાકડા સુકા, દળદાળ મિક્સ,, ( લીલા કે ભીંજાયેલ કે સડેલા ન હોવા જોઈએ. ) વિગેરે સારી ગુણવતા વાળા માંગણી મુજબ પુરા પાડવાના રહેશે.

3) ઇજારાદારશ્રી દ્વારા પુરા પડેલ લાકડાનું સ્ટોક રજીસ્ટર મુક્તિધામ ખાતે નિભાવવાનું રહેશે જેમાં સપ્લાય કરેલ લાકડાની નોધ કરવાની રહેશે તે બીલ સાથે મુક્તિધામ શાખાના મેનેજર દ્વારા પ્રમાણિત કરાવવાનું રહેશે તેમજ સ્ટોક રજીસ્ટર બિલની સાથે ફરજીયાતપણે રજુ કરવાનું રહેશે અન્યથા બિલનું ચુકવણું કરવામાં આવશે નહીં.

4) આ કામગીરીમાં જરૂરીયાત મુજબ લાકડા પુરા પાડવાના હોવાથી જેટલા લાકડાની માંગણી આવે તે મુજબ **મુક્તિધામ સેક્ટર-૩૦** ખાતેના મેનેજરશ્રી/ અન્ય જવાબદાર અધિકારીશ્રી, કર્મચારી દ્વારા જણાવવામાં આવે તે સૂચવે તે મુજબ ગાંધીનગર મહાનગરપાલિકાના કોમ્પ્યુટ્રરાઈઝ વે બ્રીજ ખાતે અથવા સૂચવવામાં આવે તે વે બ્રીજ ખાતે વજન કરાવી પહોંચતો કરવાનો રહેશે તથા વજનની પહોંચ ગાંધીનગર મહાનગરપાલિકાનાં સબંધકર્તા કર્મચારીને આપવાની રહેશે. વજન કરાવ્યા અંગેનો ખર્ચ કોન્ટ્રાક્ટરશ્રીએ ભોગવવાનો રહેશે.

5) રોજબરોજના સંદેશાવ્યવહાર માટે કોન્ટ્રાક્ટરશ્રીએ મોબાઈલ ફોન વસાવવો જરૂરી છે. સમક્ષ અધિકારી કે કર્મચારી દ્વારા કોન્ટ્રાક્ટરશ્રીને મોબાઈલ પર મેસેજ આપવામાં આવે અને કોન્ટ્રાક્ટરશ્રી દ્વારા તેનો અમલ કરવામાં ન આવે અને કર્મચારી દ્વારા લેખીતમાં ફરિયાદ કરવામાં આવે તો કોન્ટ્રાક્ટરશ્રીને નાયબ કમિશ્નરશ્રી દ્વારા રૂ.૧૦૦૦/- સુધીની પેનલ્ટી કરવામાં આવશે. જે કોન્ટ્રાક્ટરશ્રીએ માન્ય રાખવાનું રહેશે.

6) ભાવો તમામ વેરા, ખર્ચ, મજુરી વિગેરે સાથેના ગાંધીનગર મહાનગરપાલિકા સૂચવે તે **મુક્તિધામ સેક્ટર-૩૦**ના સ્થળે પહોંચતા કરવા સહિતનાં ભરવાના રહેશે.

7) ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તકનાં **મુક્તિધામ સેક્ટર-30**ના સ્થળે જલાઉ લાકડા સુકા, દળદાળ મિક્સ,, ( લીલા કે ભીંજાયેલ કે સડેલા ન હોવા જોઈએ. ) વિગેરે સારી ગુણવતા વાળા માંગણી મુજબ પુરા પાડવાના ૨૦ કિ.ગ્રા. ભાવ આપવાના રહેશે.

8) બીડર લાકડા સપ્લાયની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કોઈ પણ કારણોસર બીડર લાકડા સપ્લાય કરશે નહી તો બીડર ભરેલ સિક્યોરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરી કોન્ટ્રાક્ટર રદ કરવામાં આવશે અને બિડરને ગાંધીનગર મહાનગરપાલિકાના આ કામ માટે બ્લેક લીસ્ટ કરવામાં આવશે.

9) સપ્લાય ઓર્ડર મળ્યાથી દિવસ-૧૦ માં કામગીરી ચાલુ કરવાની રહેશે.

10) બીડર આ કોન્ટ્રાક્ટર અન્ય કોઈ કોન્ટ્રાક્ટર/બિડરને પેટામાં આપી શકશે નહી. અને જો પેટામાં કોન્ટ્રાક્ટ આપી દીધેલ માલુમ પડશે તો જરૂર જણાયે કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવશે અને સિક્યુરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

**ઉપરોક્ત તમામ શરતો મે વાંચી, સમજી, વિચારીને જાણમાં લીધી છે. તે સર્વે શરતો મને બંધનકર્તા રહેશે.**

**ટેન્ડર ભરનારની સહિ :-**

**ટેન્ડર ભરનારનું નામ અને સરનામું :-**

**સહિ/-**
**નાયબ મ્યુનિસિપલ કમિશ્નર**
**ગાંધીનગર મહાનગરપાલિકા.**

**લાયકાતની વિગત:**

01) બીડરે ટેન્ડર ફી પેટે રૂ. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા)નો નેશનલાઈઝડ/શેડયુલ્ડ બેંકનો ડીમાન્ડ ડ્રાફટ "ગાંધીનગર મહાનગરપાલિકા" **(Gandhinagar Municipal Corporation) Payable at Gandhinagar** ના નામનો ટેન્ડર ડોક્યુમેન્ટ સાથે સ્કેન કરી મોકલવાનો રહેશે. લોક ડાઉન પૂર્ણ થયે ટેન્ડર ફી પેટે જે ડીમાન્ડ ડ્રાફટ સ્કેન કરી મોકલેલ હશે તે અસલમાં મુક્તિધામ શાખામાં જમા કરાવવાનો રહેશે તેમ કરવામાં કસુર થયે બ્લેક્લીસ્ટ સુધીના પગલા લેવામાં આવશે.

02) બીડરે ઈ.એમ.ડીની પેટે રૂ. ૩૯,૦૦૦/- (અંકે રૂપિયા ઓગણ ચાલીસ હજાર પુરા) નો નેશનલાઈઝડ/શેડયુલ્ડ બેંકનો ડીમાન્ડ ડ્રાફટ "ગાંધીનગર મહાનગરપાલિકા" **(Gandhinagar Municipal Corporation) Payable at Gandhinagar** ના નામનો ટેન્ડર ડોક્યુમેન્ટ સાથે સ્કેન કરી મોકલવાનો રહેશે. લોક ડાઉન પૂર્ણ થયે ઈ.એમ.ડી પેટે જે ડીમાન્ડ ડ્રાફટ સ્કેન કરી મોકલેલ હશે તે અસલમાં મુક્તિધામ શાખામાં જમા કરાવવાનો રહેશે તેમ કરવામાં કસુર થયે બ્લેક્લીસ્ટ સુધીના પગલા લેવામાં આવશે.

03) બિડરે આ પ્રકારની કામગીરી એટલે કે લાકડા સપ્લાય કરવા અંગેનો કોઈ પણ સરકારી, અર્ધસરકારી, નગરપાલિકા, મહાનગરપાલિકા સંસ્થા કે પ્રાઇવેટ સંસ્થામાં છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા એક વર્ષનું સંતોષકારક રીતે લાકડા સપ્લાય કરેલ હોવાના અનુભવનું પ્રમાણપત્ર ટેન્ડર સાથે સામેલ રાખવાનું રહેશે,

04) બિડરે છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં ઓછામાં ઓછાં રૂ. ૬,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા છ લાખ પચાસ હજાર ) નું એવરેજ વાર્ષિક ટર્ન ઓવરનું સી.એ. નું પ્રમાણપત્ર ટેન્ડર સાથે સામેલ રાખવાનું રહેશે. ( વર્ષ-૨૦૧૬-૧૭,૨૦૧૭-૧૮,૨૦૧૮-૧૯)

**નાયબ મ્યુનિસિપલ કમિશનર**
**ગાંધીનગર મહાનગરપાલિકા**

**ઉપરોક્ત તમામ ટેન્ડરની વિગતો અને શરતો મેં વાંચી છે જેમાં મને કોઈ વિસંવીદતતા જણાઈ નથી. જે મને કબુલ મંજુર છે.**

**ટેન્ડર ભરનારની સહી**
**નામ:**
**પેઢીનો સિક્કો**

# બિડરની વિગત

| | | | |
|---|---|---|---|
| ૧ | ૧ | બીડરનું નામ | |
| | ૨ | સરનામું | |
| | ૩ | ટેલીફોન નંબર તથા મોબાઈલ નં. | |
| | | | |
| ૨ | | ગાં.મ.ન.પા. એ કોન્ટ્રાકટ માટે જેની સાથે સંપર્ક કરવાનો થાય તેની માહિતી | |
| | ૧ | નામ | |
| | ૨ | સરનામું | |
| | ૩ | ટેલીફોન નંબર | |
| | ૪ | મોબાઈલ નંબર | |
| | ૫ | ઈ-મેઈલ | |
| | | | |
| ૩ | | ટેન્ડરમાં સહી કરનારની વિગત | |
| | ૧ | નામ | |
| | ૨ | સરનામું | |
| | ૩ | ટેલીફોન નંબર | |
| | ૪ | મોબાઈલ નંબર | |
| | ૫ | ઈ-મેઈલ | |
| | ૬ | પાન. નંબર | |

**ટેન્ડર ભરનારની સહી**

**નામ:**

**પેઢીનો સિક્કો**

# <u>બીડરના અનુભવની વિગત</u>

અમો બીડરશ્રી .............................................................................................................

રહેવાસી ............................................................................................ નીચે મુજબ લાકડા સપ્લાય કામનો અનુભવ ધરાવીએ છીએ. જેની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | લાકડા **સપ્લાય કરેલ સ્થળ તથા સરનામું** | **સમયગાળો** | **નોંધ** |
|---|---|---|---|
| **૧** | | | |
| **૨** | | | |
| **૩** | | | |
| **૪** | | | |
| **૫** | | | |

ઉપરોકત અનુભવના આધાર તરીકે આ કામગીરીના અનુભવના પ્રમાણપત્રની નકલ આ સાથે સામેલ છે.

**ટેન્ડર ભરનારની સહી**

**નામ:**

**પેઢીનો સિક્કો**

# -:: પ્રાઈઝ શેડયુલ્ડ ::-

(ફકત ઓનલાઈન ઈલેક્ટ્રોનિક ફોરમેટમાં ભરવાનું રહેશે)

| ક્રમ | લાકડાનો પ્રકાર | પ્રતિ ૨૦ કિ.ગ્રા.નાં ભાવ રૂ. પૈસા | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | લાકડા સુકા, દળદાળ મિક્સ, ( લીલા કે ભીંજાયેલ કે સડેલા ન હોવા જોઈએ. ) | | ફકત ઓનલાઈન ભાવ ભરવાનાં રહેશે |

સહિ/-

નાયબ મ્યુનિસિપલ કમિશ્નર

ગાંધીનગર મહાનગરપાલિકા